


"જોયું ને..?! આખરે રોમાંચક જંગમાં ફ્રાન્સે ફીફા વર્લ્ડ કપ જીતી લીધો ને..?!"

"અરે સાહેબ..! ફ્રાન્સ જીતે એમાં નવાઈ નથી લાગતી, પણ નવાઈ તો એ લાગે છે કે ક્રોએશિયાએ ખરાખરીનો જંગ ખેલ્યો અને ફાઈનલમાં પણ ટક્કર લીધી..!! એટલે ખરી શાબ્બાશી તો ક્રોએશિયાને છે..!!"

"હં અ..! ખુબ સાચી વાત કરી..! ચાલીસ લાખ ચોઠસ હજારની વસ્તી ધરાવતો દેશ વર્લ્ડકપ ફાઈનલમાં પ્રતિસ્પર્ધીઓને હંફાવે... એ તો હદ કરી નાંખી..!!"

"શરમથી માથુ ઝુકી જાય છે સાહેબ..! અમદાવાદથી અડધી વસ્તીવાળો દેશ ફાઈનલમાં ગાજે અને આપણો ૧૨૫ કરોડની વસ્તીવાળો દેશ સીત્તેર વરસથી હજુ હિન્દુ-મુસ્લિમ જ રમ્યા કરીએ છીએ..!! શરમ આવે છે શરમ..!! કે આપણે તો વર્લ્ડકપ રમવા માટે પણ ક્વોલીફાઈડ નથી થતાં..!!"

"સાચી વાત છે તમારી..! આપણે તો મંદિર મસ્જિદમાંથી બહાર નીકળીએ ત્યારે વર્લ્ડકપનું વિચારીએને..?! વરસમાં બે ચૂંટણીઓ આવે... એટલે બે વખત મંદિરના ઢોલ વગાડવા પડે..! અને પાછુ ધ્યાન એ રાખવું પડે કે મંદિર બની ના જાય..!!"

"પણ સમજાયુ નહીં સાહેબ..! કે મંદિર બની ના જાય એટલે..?!"

"બહુ સીમ્પલ..! મંદિર બની જાય પછી આપણો વેપલો શેના ઉપર ચાલે..?! આ તો બને નહિ અને બનાવવાની વાત કરવી એ રાજકીય ચબરાકી કહેવાય..! કે આ લોકો કરવા નથી દેતા..! પેલા લોકો કરવા નથી દેતા... ફલાણા કરવા નથી દેતાં..! ઢીંકણા કરવા નથી દેતા..!!"

"પણ હેં સાહેબ..! આ ખરેખર વિરોધ છે કે ઉભો કરાયેલો વિરોધ છે..?!"

"જો ભાઈ..! રાજકારણની આ જ રીતભાત છે..! દારૂ બનાવવા ગોળના પૈસા આપવાના... અડધો કલાક પછી પોલીસને ફોન કરવાનો... અને પોલીસ પકડી જાય પછી... છોડાવવા માટે પોલીસ સ્ટેશને પહોંચવાનું..!! આનું નામ રાજકારણ..!!"

"એક્ઝેટલી..! એનો અર્થ એવો 'મંદિર વહીં બનેગા' સુત્રો બોલાવવાના અને એના માટે કેસ ઉભો કરવો..!! અને ઝડપથી ચુકાદો ના આવે તેની ગોઠવણ કરવી..! એવું જ ને ?!"

"ખરા છો તમે ભાઈ..! આ બધુ તમને સમજાવવું પડે..?! સમજદાર કે લિયે ઈશારા હી કાફી હે..!!"

"...પણ ક્યાં સુધી આપણે આમ જ ઢસડાયા કરીશું..?! ક્યાં સુધી વિકાસની વાત કરવાની ને મંદિરનું નામ લેવાનું..?! ક્યાં સુધી સમાજને વહેંચવાનો...?! ક્યાં સુધી વચનોનો વેપલો કરવાનો..?! ક્યાં સુધી દારૂબંધીની વાતો કરીને ચૂંટણીમાં દારૂની પરબો મંડાવવાની..?!

"કંટાળી ગયા..!?!

"એવું કંટાળી ના જવાય..!! આપણે રાજકારણમાં રસ નહીં લેવાનો..! એમનો બોજો આપણે શું લેવા ઉપાડવાનો..?! કારણ વગરના રાજકારણમાં ખોટા લોહી ઉકાળા કરવા..?!

"વાહ..! આપનું માર્ગદર્શન સરસ છે..! પણ સાહેબ હું મારી વાત નથી કરતો..! આ દેશના મધ્યમ વર્ગના માણસની વાત કરૂ છુ..! કે બીચારો નથી કહી શકતો... નથી સહી શકતો..!!"

"તો આપણે એના માટે જ મોરચો માંડવો જોઈએ..! એમના વતી લડી લઈશુ... એમજ ને..!?!"

"હા... સાહેબ. હા."

# શહેરમાં મેઘરાજા મહેરબાન

## શહેરમાં રાત્રે દોઢ ઇંચ વરસાદથી ઠંડક પ્રસરી : મોડીરાત્રે ગોરંભાયેલા વરસાદી વાદળો વરસી પડયા : સેક્ટરોમાં વરસાદી પાણી ઉભરાયા : સિઝનનો ચાર ઇંચ વરસાદ નોંધાયો : વાતાવરણમાં હળવી ઠંડક

ગાંધીનગર તા ૧૬

ગાંધીનગરમાં આખરે ગત રાત્રિએ મેઘરાજા મહેરબાન થયા હતા. મોડીરાત્રે અચાનક જ વરસાદ વરસવાનુ શરૂ થયુ હતુ. દિવસ દરમિયાન વાદળિયા વાતાવરણ વચ્ચે વરસાદી છાંટણા થયા હતા આમ છતા મેઘરાજા મનમુકીને ન વરસતા નગરજનોમાં નિરાશા વ્યાપી હતી. જયારે રાત્રિના સમયે ધોધમાર વરસાદના લીધે સેક્ટરોમાં પાણી પાણી થઈ ગયુ હતુ. મુશળધાર વરસાદના અંતે શહેરમાં ઠંડક પ્રસરી હતી. છેલ્લા ૨૪ કલાકમાં ૩૭ મી મી વરસાદ વરસ્યો હતો. જયારે શહેરમાં અત્યાર સુધી સિઝનનો ચાર ઈંચ વરસાદ નોંધાયો છે.

દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં અનરાધાર વરસાદના લીધે ચોમેર પાણી નજરે પડે છે. નવસારીમાં દરિયાના પાણી ફરી



વળ્યા છે. જયારે રાજયમાં ભારે વરસાદના સંજોગોમાં જનજીવન પણ પ્રભાવિત થયુ છે. પરંતુ ગાંધીનગર સહીત ઉત્તર ગુજરાતના વિસ્તારમાં વરસાદ હજુ મનમુકીને વરસ્યો ન હોવાથી બારે મેઘ ખાંગા થાય તેની વાટ નિહાળાય છે. શહેરમાં અત્યાર સુધી વરસાદના હળવા ભારે ઝાપટા સાથે ઝરમર વરસતા મેઘરાજા નગરને ભીંજવી ગયા છે. જયારે ગાજવીજ અને વિજચમકારા સાથે વાદળિયુ વાતાવરણ મોસમને અનુરૂપ રોજનો ક્રમ બન્યો છે.પરંતુ નગરને એકસાથે તરબતર કરે તેવો વરસાદ હજુ પણ થયો નથી. છેલ્લા એક સપ્તાહથી હાઉકલી કરી જતા મેઘરાજા ધીમે ધીમે મુડમાં આવતા હોય તેવો અહેસાસ નગરજનોએ ગઈકાલ રાત્રિએ કર્યો હતો. અત્યાર સુધી બે થી ત્રણ વાર

● અનુસંધાન પાન-૭ પર

# વરસાદે યારી આપતા વનતંત્રએ નવા રોપાઓની વાવણીનુ કામ આરંભ્યું

## વનતંત્ર દ્વારા વનઆરક્ષિત જગ્યામાં અવનવા રોપાઓની વાવણીનુ કામ હાથ ધરાયુ : ચોમાસાના અંતે મુખ્યમાર્ગો આસપાસનો નઝારો નિખરશે

ગાંધીનગર તા ૧૬

ગાંધીનગરમાં વરસાદ વિના નવા રોપાઓની વાવણીનુ કામ અટવાયુ હતુ. ઝરમર વરસાદ બાદ ગતરાત્રિએ મેઘરાજા મહેરબાન થતા આજે વનતંત્રએ નવા રોપાઓની વાવણી આરંભી દીધી છે. અગાઉ ચોમાસાના પ્રારંભ પુર્વે વનતંત્રએ એડવાન્સ વાવેતર પણ કર્યુ હતુ. જેમાં ફળાઉ વૃક્ષો ઉપરાંત દેશી આંબા અને લીમડાના રોપાઓની વાવણી કરવામાં આવી હતી.

શહેરમાં છેલ્લા ઘણાં સમયથી વરસાદ ટીપે ટીપે વરસતા નગરજનો પણ આકરા બફારાથી ત્રાહીમામ પોકારી ઉઠયા હતા. જયારે વરસાદ ખેચાતા ખેડુતોમાં પણ ચિંતાના વાદળો ઘેરાયા હતા. વરસાદ મન મુકીને ન વરસતા માત્ર છાંટણા વરસાવી અદ્રશ્ય થઈ જતો હતો. જેના લીધે વનતંત્રએ નવા રોપાઓની વાવણીનુ કામ પણ અટકાવી દીધુ હતુ.જયારે વરસાદ વિના કરાયેલા વાવેતરની જાળવણીનુ કામ પણ વનતંત્ર માટે કપરુ બન્યુ હતુ. પરંતુ ઝરમરિયા વરસાદના અંતે ગઈકાલે રાત્રિના દોઢ ઈંચ જેટલો વરસાદ વરસી જતા વનતંત્ર માટે નવા રોપાઓની વાવણીનુ કામ સરળ બન્યુ હતુ. જેના લીધે આજથી વનતંત્રએ નવા રોપાઓની વાવણી કરવાનુ શરૂ કરી દીધુ હતુ. વન વિભાગ દ્વારા વનઆરક્ષિત જગ્યામાં નગરના મુખ્ય માર્ગો પર કલરકોડ આધારિત ફુલો નિખરે તેવા રોપાઓ ઉપરાંત અન્ય રોપાઓની પણ વાવણી કરવામા આવનાર છે. જયારે શહેરમાં ૨૨ હજાર જેટલા રોપાઓની વાવણી કરવા માટે

● અનુસંધાન પાન-૭ પર

# મનપામાં ગત વર્ષની તુલનામાં આ વખતે મિલ્કતવેરાની આવક વધી

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર મહાનગરપાલિકાની ગત વર્ષની મિલ્કતવેરાની વસુલી કરતાં આ વખતે એડવાન્સ ટેક્ષની આવક જ વધી જવા પામી છે.

## વ્યવસાય વેરાની આવક વૃદ્ધિ માટે તંત્ર ટીમ બનાવી નવા વ્યવસાયકારોને શોધશે

આગોતરા વેરામાં વળતર આપવાની યોજનાનો આ વખતે સારો પ્રતિસાદ સાંપડ્યો છે. ગત વર્ષે આખા વર્ષની આવક ૨૦ કરોડની આસપાસ રહી હતી જ્યારે આ વર્ષે આ રકમ ૨૧ કરોડને પાર કરી ગઈ છે.

મનપામાં આગોતરો વેરો ભરનાર મિલ્કતધારકોમાં પણ ગત વર્ષની તુલનામાં વધારો થવા પામ્યો છે. આ વર્ષે મિલ્કતવેરાના માળખામાં કરાયેલા ફેરફાર પછી આવકમાં વૃદ્ધિ થઈ છે. આ વર્ષે મિલ્કતવેરાની આવક ૩૦ કરોડ અંદાજવામાં આવી છે.

તંત્રએ હવે જેમના મિલ્કતવેરાની વસુલી બાકી છે તેમની સેક્ટરવાર યાદી તૈયાર કરવાની કવાયત હાથ ધરી છે અને ટુંક જ સમયમાં આ કામગીરી પૂર્ણ થયેથી સિલીંગ સહિતના પગલાંઓ અંગેની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

મનપાના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે મનપા દ્વારા આવકવૃદ્ધિ માટે ધ્યાન કેન્દ્રીત કરવામાં આવ્યું છે. વાહન-વેરો પણ લાદવામાં આવ્યો છે અને તેની આવક સારી થઈ રહી છે.

વ્યવસાયવેરા માટે પણ તંત્રે નવા વ્યવસાયકારોને ઓળખી કાઢવા માટે એક અલાયદી ટીમની રચના કરવા અને સર્વેની જવાબદારી સોંપવા માટે મન બનાવી લીધુ હોવાનું આ સૂત્રોએ જણાવ્યું છે.

# રાજયના સાત જિલ્લામાં પુરની સ્થિતિ સર્જાઈ : એનડીઆરએફની ૧૫ ટીમો સક્રિય

## ઉચ્ચ અધિકારી સાથે રૂપાણીની ચર્ચા : રાજયના ૮૨ તાલુકામાં વરસાદ



અમદાવાદ, તા.૧૬

દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં અતિ ભારે વરસાદના પરિણામ સ્વરૂપે પુરની સ્થિતિ સર્જાઈ ગઈ છે. સાત જિલ્લામાં પુરની સ્થિતિ છે. મુખ્યમંત્રી વિજય રૂપાણીના નેતૃત્વમાં સરકાર હવે સક્રિય થઈ ગઈ છે. આજે મુખ્યમંત્રીએ રાજયના સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર ગાંધીનગર ખાતેથી ભારે વરસાદની સ્થિતિ અંગે અધિકારીઓ સાથે વાતચીત કરી હતી. સ્થિતિની સમીક્ષા કરી હતી. આ સમીક્ષા દરમ્યાન રૂપાણીએ કહ્યું હતું કે સાત જિલ્લામાં પુરની સ્થિતિ છે પરંતુ હાલમાં હવાઈ સર્વેક્ષણની જરૂર દેખાઈ રહી નથી. મુખ્યમંત્રીએ કહ્યું હતું કે પુરના પાણી ઉતરી રહ્યા છે. સ્થિતિ ધીમે ધીમે સામાન્ય બની રહી છે. જે જિલ્લાઓમાં વધુ વરસાદ થયો છે ત્યાં તંત્ર સક્રિય છે. એરફોર્સને સ્ટેન્ડ ટુના આદેશ આપવામાં આવ્યા છે. વડાપ્રધાનના ગુજરાત પ્રવાસના કાર્યક્રમ અંગે પૂછવામાં આવતા મુખ્યમંત્રીએ કહ્યું હતું કે તેમનો કાર્યક્રમ અકબંધ રહ્યો છે. રાજયમાં એનડીઆરએફની ૧૫ ટીમો સક્રિય થઈ છે અને વધુ પાંચ ટીમો પહોંચી રહી છે. રાજય અને જિલ્લા કક્ષાએ ૨૪ કલાક માટે કંટ્રોલ રૂમ સક્રિય છે. ગીરગઢડામાં એનડીઆરએફની ટીમને મોકલી દેવાઈ છે. સાત જિલ્લાના ૨૦ તાલુકામાં પુરની સ્થિતિના સંદર્ભમાં માહિતી આપવામાં આવી છે.

# ગાંધીનગરમાં ઓરી-રૂબેલા રસીકરણ અભિયાનનો પ્રારંભ

## "હેલ્ધી ગુજરાત"ની નેમ સાથે રાજ્યભરમાં ૯ માસથી ૧૫ વર્ષની વયના દોઢ કરોડ બાળકોને રસીકરણમાં આવરી લેવાશે : અભિયાનને સફળ બનાવવા સૌ નાગરિકો-માતા-પિતા સ્વૈચ્છિક સેવા સંસ્થાઓ-શાળાઓને મુખ્યમંત્રીનો અનુરોધ

ગાંધીનગર, તા.૧૬

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ઓરી અને રૂબેલા રસીકરણ અભિયાનનો રાજયવ્યાપીનો પ્રારંભ કરાવતા રાજ્યના સૌ નાગરિકો માતા-પિતા અને શાળાઓ તેમજ સ્વૈચ્છિક સેવા સંસ્થાઓને આ અભિયાનમાં સક્રિયતા દાખવી રાજ્યનું ૯ માસ થી ૧૫ વર્ષ સુધીનું એક પણ બાળક ઓરી રસીકરણથી વંચીત ન રહે તેવો અનુરોધ કર્યો છે.

તેમણે કહ્યું કે, હેલ્ધી ગુજરાતની નેમ સાકાર કરવા આ ઓરી રૂબેલા રસીકરણ તહેત રાજ્યના અંદાજે ૧.૫ કરોડ બાળકોને આવરી લેવા આ અભિયાન ઉપાડયું છે.

શ્રી વિજયભાઈ રૂપાણીએ આ અભિયાનનો રાજયવ્યાપી પ્રારંભ ગાંધીનગરમાં સેકટર-૭ની માધ્યમિક શાળાથી કરાવ્યો હતો.

શ્રી વિજયભાઈએ ઉમેર્યું કે, ઓરીનો ભોગ રાજ્યનું કોઈ પણ બાળક ન બને તેમજ સગર્ભા માતાને પણ કોઈ ચેપ ન લાગે અને જન્મજાત ખોડખાપણ વાળું સંતાન ન અવતરે એ માટે આ ઓરી રૂબેલા રસીકરણ ૧લી મે ગુજરાત સ્થાપના દિવસથી શરૂ કર્યુ છે.

હવે એને ઝૂંબેશ સ્વરૂપે રાજ્યની તમામ શાળાઓમાં હાથ ધરીને આરોગ્ય વિભાગ ઓરી મુકત ગુજરાત માટે સંકલ્પબદ્ધ છે.

આ અભિયાન પ્રારંભ અવસરે આરોગ્ય રાજ્ય મંત્રી કુમાર કાનાણી, મેયર પ્રવીણ પટેલ આરોગ્યના અધિક મુખ્ય સચિવ પી. કે. પરમાર આરોગ્ય કમિશનર ડૉ. જયંતિ રવિ અને યુનિસેફના ગુજરાત પ્રતિનિધિ ફારૂખ સહિત અધિકારીઓ આરોગ્ય કર્મીઓ ઉપસ્થિત રહ્યા હતા.

અત્રે નિર્દેશ કરવો જરૂરી છે કે, રાજયભરમાં આજથી આ ઓરી રૂબેલા રસીકરણ અભિયાન ઝૂંબેશરૂપે પાંચ અઠવાડિયા માટે શરૂ કરાવ્યું છે. ૨૦૨૦ સુધીમાં આખા દેશમાં ઓરીનું નિવારણ અભિયાનમાં ૯૫ ટકાથી વધુ લોકો આવરી લેવાયા છે. ગુજરાતમાં ૯ મહિનાથી લઈને ૧૫ વર્ષના ૧.૬ કરોડ બાળકોને આ રસિકરણમાં રસીકરણ હાથ ધરાશે. ત્યાર પછી બે અઠવાડિયા આંગણવાડી અને આરોગ્ય કેન્દ્ર પર આ ઝૂંબેશ ઉપાડવામાં આવશે. એક પણ



અને રૂબેલા પરનું નિયંત્રણ એ સરકારનો ધ્યેય છે. દેશના ૨૦ રાજ્યોમાં આ સૌથી મોટા ઈન્જેકટેબલ રસિકરણ આવરી લેવાશે.

આ અભિયાન અન્વયે પહેલા બે અઠવાડિયા રાજ્યની ધોરણ-૧૦ સુધીની શાળાઓમાં બાળક ઓરી રૂબેલા રસીકરણથી બાકાત ન રહી જાય તે માટે પાંચમું અઠવાડિયું એવા રહી ગયેલા બાળકોને આવરી લેવાશે.

# ગાંધીનગર તાલુકા કોંગ્રેસના પ્રમુખપદે પ્રવિણજી ઠાકોર

## જિલ્લામાં બે તાલુકા પ્રમુખો અને બે શહેર પ્રમુખોની વરણી કરતા પ્રદેશ પ્રમુખ

ગાંધીનગર, તા. ૧૬

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમીત ચાવડાએ ગાંધીનગર તાલુકા, પેથાપુર શહેર, માણસા તાલુકો અને માણસા શહેર સંગઠનના નવા પ્રમુખોની વરણી જાહેર કરી છે.

ગાંધીનગર તાલુકાના પ્રમુખ તરીકે પ્રવિણજી જે. ઠાકોરની વરણી કરવામાં આવી છે. શેરથાના વતની અને જિલ્લા કોંગ્રેસમાં હાલ તેઓ મંત્રી તરીકે કાર્યરત છે. ગાંધીનગર તાલુકા પંચાયતના સભ્ય તરીકે પણ સેવાઓ આપી ચુક્યા છે. સંગઠનના જાણકાર અને યુવા અગ્રણી તરીકેની આગવી ઓળખ તેઓ ધરાવે છે.

પેથાપુર શહેર કોંગ્રેસના પ્રમુખ તરીકે નટવરસિંહ એ. ડાભીની વરણી કરવામાં આવી છે. નટવરસિંહ હાલ શહેર સંગઠનના કાર્યકારી અધ્યક્ષ તરીકે કાર્યભાર સંભાળી જ રહ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

તાત્કાલિક ભાડે/વેચાણથી જોઈએ છે
1-5 BHK ફ્લેટ/બંગલો/ટેનામેન્ટ/પ્લોટ (Resi./Comm.)
200-5000 ft. ઓફીસ/દુકાન/શો-રૂમ/ગોડાઉન/શેડ
Bank/MNC Family/Bachelor/Hostel માટે ઈન્ફોસીટી,
સરગાસણ, કુડાસણ, રાયસણ, રાંદેસણ, વાવોલ, સે.-૧ થી ૩૦, GIDC
THE SPACE ✆93288 01440, 93287 01440
E-mail : npthespace@gmail.com

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com